



# આશા ભોંસલેને અંતિમ વિદાય આપવા ઉમટ્યું સિનેમા અને ક્રિકેટ જગત

**સચિન** તેંડુલકર, એઆર રહેમાન અને આશા પારેખ સહિતની હસ્તીઓએ આપી શ્રદ્ધાંજલિ

મુંબઈ, તા. 13 (PTI): પીઢ અભિનેત્રીઓ આશા પારેખ, હેલન, સંગીતકાર એઆર રહેમાન અને ક્રિકેટ આઈકોન સચિન તેંડુલકર એ મિત્રો અને સાથીદારોમાં સામેલ હતા જેમણે સોમવારે અહીં સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેના નિવાસસ્થાને જઈને તેમને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી.

ભોંસલેનું રવિવારે સવારે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં 92 વર્ષની વયે મલ્ટી-ઓર્ગન ફેલ્યોરને કારણે નિધન થયું હતું.

તેમના લોઅર પરેલ સ્થિત નિવાસસ્થાન 'કાસા ગ્રાન્ડે' ખાતે તેમના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે કાચની પેટીમાં રાખવામાં આવ્યો હતો, જે ત્રિરંગામાં લપેટાયેલો છે અને સફેદ લીલીના ફૂલોથી શણગારેલો છે. રાજ્ય સન્માનના ભાગરૂપે પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

ફૂલોની ભવ્ય સજાવટ વચ્ચે ભોંસલેની એક મોટી સ્મિત કરતી તસવીર રાખવામાં આવી હતી. પૃષ્ઠભૂમિમાં તેમની દાયકાઓ લાંબી કારકિર્દીના ગીતો જેવા કે "આઓ હુઝૂર તુમકો", "આઈએ મેહરબાન", "ઝુમકા ગિરા રે", "દિલ ચીઝ ક્યા હૈ", "ઓ સાથી રે" અને "યાઈ રે" વાગી રહ્યા હતા.

ભોંસલેના ભાઈ-બહેન ઉષા મંગેશકર અને હૃદયનાથ મંગેશકર પણ હાજર હતા, જેમાં હૃદયનાથ વ્હીલચેર પર બેઠેલા જોવા મળ્યા હતા. તેમની મોટી બહેન લતા મંગેશકરનું ફેબ્રુઆરી 2022 માં 92 વર્ષની વયે નિધન થયું હતું.

રહેમાન, તેમના નિવાસસ્થાને પહોંચનારા પ્રથમ વ્યક્તિ હતા. તેંડુલકર ટૂંક સમયમાં જ તેમની પત્ની અંજલિ સાથે આવ્યા હતા. આશા પારેખે ભોંસલેને અંતિમ શ્રદ્ધાંજલિ આપતા પહેલા ગાયિકાના પરિવાર સાથે મુલાકાત કરી હતી.

હેલને અંતિમ શ્રદ્ધાંજલિ આપ્યા બાદ ભોંસલેના પુત્રને ગળે લગાડ્યા હતા. અભિનેતા જેકી શ્રોફ શોક વ્યક્ત કર્યા બાદ એક ખૂણામાં ચુપચાપ ઉભા હતા.

મહારાષ્ટ્રના રાજ્યપાલ જીષ્ણુ દેવ વર્મા, અભિનેતાઓ તબુ, રિતેશ દેશમુખ, રેણુકા શહાણે, ફિલ્મ નિર્માતા રાકેશ રોશન અને એનસીપી નેતા સુપ્રિયા સુલે સહિત અન્ય મહાનુભાવો પણ પરિવારને સાંત્વના આપતા જોવા મળ્યા હતા.

શ્રદ્ધાંજલિ આપવા આવેલા અન્ય લોકોમાં ગાયકો લેસ્લી લુઈસ, અનુરાધા પૌડવાલ, જસ્પિન્દર નરુલા, તલત અઝીઝ, હરિહરન અને ઉદિત નારાયણ, કલાકારો પૂનમ ઢિલ્લોન, મીનાક્ષી શેષાદ્રી અને સચિન પીલગાંવકર અને ફિલ્મ નિર્માતા આશુતોષ ગોવારીકર અને સુભાષ ઘાઈનો સમાવેશ થાય છે.

## આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપવી પાકિસ્તાની ચેનલને ભારે પડી

ઈસ્લામાબાદ, તા. 13: પાકિસ્તાનના ઈલેક્ટ્રોનિક મીડિયાના નિયામક મંડળ (PEMRA)એ ભારતનાં સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપવા બદલ 'જીઓ ન્યૂઝ' ચેનલને શો-કોઝ નોટિસ પાઠવી છે. 12 એપ્રિલે મુંબઈમાં આશા ભોંસલેના અવસાન બાદ, ચેનલે તેમના સંસ્મરણો અને ગીતો પ્રસારિત કર્યા હતા. પાકિસ્તાની સત્તાવાળાઓએ તેને સુપ્રીમ કોર્ટના વર્ષ 2018ના એ આદેશનું ઉલ્લંઘન ગણાવ્યું છે, જેમાં ભારતીય કન્ટેન્ટના પ્રસારણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જીઓ ન્યૂઝના મેનેજિંગ ડિરેક્ટર અઝહર અબ્બાસે આ પગલાની ટીકા કરતા કહ્યું કે, આશા ભોંસલે જેવી મહાન કલાકારના કાર્યને સેલિબ્રેટ કરવું એ પરંપરા છે. પાકિસ્તાનના પત્રકારો અને કલાકારોએ પણ આ નોટિસનો વિરોધ કર્યો છે. અનેક લોકોનું કહેવું છે કે કળા અને સંસ્કૃતિને સીમાઓમાં બાંધી શકાય નહીં. એક પત્રકારે કહ્યું અમને 'ઝિયા-ઉલ-હકના તાનાશાહી યુગમાં પાછા ન લઈ જાવ'. PEMRAએ ચેનલના સીઈઓને 27 એપ્રિલે હાજર થવા અને 14 દિવસમાં ખુલાસો કરવા આદેશ આપ્યો છે.

### સંપૂર્ણ રાજકીય સન્માન સાથે થયા અંતિમ સંસ્કાર

# આશા ભોંસલેને ભીની આંખે અંતિમ વિદાય

**પુત્ર** આનંદે મુખાગ્નિ આપી

**પંચમહાભૂતમાં** વિલીન થયેલો આશાજીનો નશ્વર દેહ

**બોલીવુડ** અને રાજકીય જગતના અનેક મહાનુભાવોની હાજરી



### રસ્તાઓ પર ભારે ભીડ: 'આશા તાઇ અમર રહે'ના નારા ગુંજ્યા

અંતિમ યાત્રા વખતે મોટી સંખ્યામાં લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા, છત અને બારીઓ પર ભીડ જામી હતી, અને સેંકડો લોકો લોઅર પરેલ સ્થિત તેમના નિવાસસ્થાનેથી શિવાજી પાર્ક સુધીની અંતિમ યાત્રામાં જોડાયા હતા. આશા તાઈ અમર રહેના નારાઓ ગુંજી ઉઠ્યા હતા.

મુંબઈ, તા. ૧૩(PTI): 'અભી ના જાઓ છોડકર...' જ્યારે સંગીત સમ્રાજ્ઞી આશા ભોંસલેને અંતિમ વિદાય આપવા માટે શિવાજી પાર્ક સ્મશાનગૃહની અંદર અને બહાર સેંકડો લોકો એકઠા થયા હતા, ત્યારે પૃષ્ઠભૂમિમાં આ ગીતના કરુણ સૂર ગુંજી રહ્યા હતા.

દાયકાઓ સુધી સંગીત જગત પર રાજ કરનારા અને આજે પણ જેમના ગીતો લોકપ્રિય છે તેવા મહાન ગાયકોમાં કદાચ છેલ્લા એવા આશા ભોંસલેના અંતિમ સંસ્કાર હિન્દુ વિધિ મુજબ અને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતા. તેમના પુત્ર આનંદે અંતિમ વિધિ કરી હતી. દંતકથારૂપ મંગેશકર બહેનોમાંના એક એવા આશા ભોંસલેનું રવિવારે મલ્ટી-ઓર્ગન ફેલ્યોરને કારણે નિધન થયું હતું. ફેબ્રુઆરી ૨૦૨૨માં જ્યારે તેમના લતા દીદીનું અવસાન થયું ત્યારે તેમની ઉંમર ૯૨ વર્ષ હતી, આશાજીની ઉંમર પણ ૯૨ વર્ષ જ હતી. પીળા અને નારંગી ગલગોટાના ફૂલોથી શણગારેલી ચિતાની આસપાસ પુરોહિતોએ મંત્રોચ્ચાર કર્યા હતા. તેમની પૌત્રી ઝનાઈ અત્યંત શોકમગ્ન હતી. તેમના બહેન અને ગાયિકા ઉષા મંગેશકર અને ભાઈ તથા સંગીતકાર હૃદયનાથ મંગેશકર પણ ત્યાં હાજર હતા. ભારતની આ અજોડ ગાયિકાને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવાર, દિગ્દર્શક રમેશ સિપ્પી અને અભિનેતા આમિર ખાન તથા વિકી કૌશલ ઉપસ્થિત રહ્યા હતા.

# નાસિક TCS વિવાદ: મહિલા કર્મચારીઓની જાતીય સતામણી અને ધર્મ પરિવર્તનના આક્ષેપો

**ગ્રુપ** લીડરો મહિલા કર્મચારીઓની છેડતી કરતા હતા અને ધર્મ બદલવા દબાણ કરતા હતા તેવી ફરિયાદો નોંધાઇ

**હિન્દુ** મહિલા કર્મચારીઓને નમાઝ પઢવા અને રોઝા રાખવા ફરજ પડાતી હોવાના આક્ષેપ

**છ કર્મચારીઓની** ધરપકડ, પોલીસે તપાસ માટે SITની રચના કરી

### TCS કહે છે કે સતામણી અંગે ઝીરો ટોલરન્સ

TCS એ સ્પષ્ટ કર્યું છે કે તેઓ સ્થાનિક કાયદા અમલીકરણ સત્તાવાળાઓ સાથે સહકાર આપી રહ્યા છે અને તપાસના નિષ્કર્ષના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેણે જણાવ્યું છે કે તે જાતીય સતામણી અંગે શૂન્ય સહિષ્ણુતા નીતિ ધરાવે છે અને જેમની સામે આક્ષેપો થયા છે તે તમામ કર્મચારીઓને તેમની સામે તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જો કે મહિલા કર્મચારીઓએ કંપનીના એચઆરને આ અગાઉ ફરિયાદ કરી જ હતી છતાં કેમ કોઇ પગલા ત્યારે લેવાયા નહીં તે બાબતે પ્રશ્ન ઉઠ્યો છે.

નાસિક, તા. ૧૩: નાસિક સ્થિત TCS ઓફિસમાં મહિલા કર્મચારીઓની જાતીય સતામણી અને બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તનના પ્રયાસોના આક્ષેપથી ખળભળાટ મચી ગયો છે. ૧૮ થી ૨૫ વર્ષની મહિલા કર્મચારીઓએ ટીમ લીડર્સ અને અધિકારીઓ પર ગંભીર આરોપો લગાવ્યા છે. ૨૦૨૨થી ચાલતી આ કથિત હરકતો અંગે પોલીસમાં એફઆઈઆર નોંધાતા અત્યાર સુધીમાં આસિફ અંસારી, શફી શેખ, શાહરૂખ કુરેશી, રઝા મેમણ, તૌસિફ અત્તાર અને અશ્વિન ચૈનાની સહિત છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મંત્રી ગિરીશ મહાજને દાવો કર્યો છે કે મહિલાઓને નોકરીની લાલચ આપી નમાઝ પઢવા અને રોઝા રાખવા દબાણ કરાતું હતું. પોલીસના છૂપા વેશે કરેલા ઓપરેશનમાં એક કર્મચારીને રંગે હાથ ઝડપી લેવાયો હતો. TCS એ આ મામલે તપાસ હેઠળના કર્મચારીઓને સસ્પેન્ડ કરી 'ઝીરો ટોલરન્સ' નીતિ દોહરાવી છે. જોકે, અગાઉની ફરિયાદો પર HR દ્વારા લેવાયેલા મૌન અંગે સવાલો ઉઠી રહ્યા છે. હાલ એસીપીની આગેવાની હેઠળ ૧૨ સભ્યોની SIT ટીમ સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ પુરાવાઓના આધારે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. આ કેસમાં એક પુરુષ કર્મચારીના પણ બ્રેઈનવોશના પ્રયાસનો આરોપ છે.

# ઈરાન યુદ્ધ મામલે પોપ અને ટ્રમ્પ વચ્ચે ઉગ્ર તડાફડી

**પોપે** વેટિકનમાં પ્રાર્થના સભામાં ટ્રમ્પનું નામ લીધા વિના કહ્યું કે સર્વશક્તિમાન હોવાનો ભ્રમ આ યુદ્ધ કરાવી રહ્યો છે

**ટ્રમ્પે** વળતી ટીકા કરતા કહ્યું કે પોપ એક નબળા ધર્મગુરુ છે અને ડાબેરીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે

**જવાબમાં** પોપે કહ્યું કે હું ટ્રમ્પ પ્રશાસનથી ડરતો નથી

વેટિકન, વોશિંગ્ટન, તા. ૧૩: રોમન કેથોલીક ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મગુરુ પોપ લિયો દ્વારા તેમના ધાર્મિક પ્રવચનમાં અમેરિકાએ ઈરાન પર લાદેલા યુદ્ધની દેખીતી ટીકા કરી તે પછી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની વચ્ચે ઉગ્ર શાબ્દિક યુદ્ધ સર્જાયું છે જેમાં ટ્રમ્પે પોપને નબળા ધર્મગુરુ ગણાવ્યા હતા જ્યારે પોપે કહ્યું હતું કે પોતે ટ્રમ્પ પ્રશાસનથી ડરતા નથી.

અમેરિકામાં જન્મેલા પોપ લિયો-XIVએ શનિવારે સેન્ટ પીટર્સ બેસિલિકામાં સાંજની પ્રાર્થના સભાનું નેતૃત્વ કર્યા પછી વિવાદ શરૂ થયો હતો. પોપે અમેરિકા અથવા ટ્રમ્પનું નામ લીધું ન હતું, પરંતુ તેમનો સૂર અને સંદેશ ટ્રમ્પ અને યુએસ અધિકારીઓ તરફ નિર્દેશિત હોય તેવું લાગતું હતું, જેમણે અમેરિકી સૈન્ય શ્રેષ્ઠતાની બડાઈ હાંકી છે અને યુદ્ધને ધાર્મિક દ્રષ્ટિએ વ્યાજબી ઠેરવ્યું છે. લિયોએ કહ્યું હતું કે ભગવાન યુદ્ધ કરનારાઓની પ્રાર્થના સાંભળતા નથી, પરંતુ તેમને નકારી કાઢે છે. તેમણે ધર્મ પુસ્તક ઓલ્ડ ટેસ્ટામેન્ટના એક ફકરાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં કહેવાયું છે કે ભલે તમે ઘણી પ્રાર્થનાઓ કરો, હું સાંભળીશ નહીં - તમારા હાથ લોહીથી ભરેલા છે. પોપે એમ પણ કહ્યું હતું કે સર્વશક્તિમાન હોવાનો ભ્રમ અમેરિકા-ઈરાન યુદ્ધને વેગ આપી રહ્યો છે. આના પછી ટ્રમ્પે પોપની આકરી ટીકા કરી હતી. ટ્રમ્પે તેમની પોસ્ટમાં લખ્યું, પોપ લિયો ગુનાખોરી બાબતે નબળા છે અને વિદેશ નીતિ માટે ભયાનક છે. મારે એવા પોપ નથી જોઈતા જેમને લાગે કે ઈરાન પાસે પરમાણુ હથિયાર હોય તે યોગ્ય છે. તેમણે પત્રકારો સમક્ષ પણ આ જ લાગણી દોહરાવતા કહ્યું, અમને એવા પોપ ગમતા નથી જે કહે છે કે પરમાણુ હથિયાર રાખવું ઠીક છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પોપ ડાબેરીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે. આના પછી સોમવારે ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા પ્રહારોનો વળતો જવાબ પોપે આપ્યો હતો. પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે શાંતિ અને સમાધાન માટે વેટિકનની અપીલ ગોસ્પેલ(બાઈબલના સંદેશ)માં રહેલી છે અને તેઓ ટ્રમ્પ વહીવટીતંત્રથી ડરતા નથી. જોકે પોપ અને રાષ્ટ્રપતિઓના મંતવ્યો અલગ હોવા એ અસામાન્ય નથી, પરંતુ પોપ માટે યુએસ નેતાની સીધી ટીકા કરવી તે અત્યંત દુર્લભ છે - અને ટ્રમ્પનો આ તીખો પ્રતિસાદ પણ એટલો જ અસામાન્ય છે.

## પેજ 3

### આથિયા શેટ્ટીએ આશા ભોંસલેની જગ્યાએ લતા મંગેશકરને શ્રદ્ધાંજલિ આપી



મુંબઈ, તા. 13 : 12 એપ્રિલ 2026ના રોજ લિજેન્ડરી સિંગર આશા ભોંસલેનું નિધન થયું. જેના કારણે આખી ઇન્ડસ્ટ્રી શોકમાં ડૂબી ગઈ છે અને ઘણા દિગ્ગજ એક્ટર્સ તેમજ બોલિવૂડ કલાકારોએ સિંગરને શ્રદ્ધાંજલિ આપી. પરંતુ આ દરમિયાન બોલિવૂડ એક્ટર સુનીલ શેટ્ટીની પુત્રી આથિયા શેટ્ટીએ આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપતાં એક એવી ભૂલ કરી દીધી કે દરેક વ્યક્તિ તેની ટીકા કરતા જોવા મળી રહી છે. હકીકતમાં બન્યું એવું કે આથિયા શેટ્ટીએ હાલમાં જ પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ આપતા તેમની જગ્યાએ તેમની મોટી બહેન લતા મંગેશકરની તસવીર શેર કરી દીધી. જોકે લતા મંગેશકર પણ આ દુનિયાને અલવિદા કહી ચૂક્યા છે અને તેમનું નિધન વર્ષ 2022માં થયું હતું.

## ઈરાને ભારતીય જહાજોને સુરક્ષિત રસ્તો આપવાની ખાતરી આપી

નવી દિલ્હી, તા. 13: મધ્ય પૂર્વમાં ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને અમેરિકાની નૌકાબંધીની ચેતવણી વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોને લઈને ઈરાને મહત્વના નિર્ણયો લીધા છે. ઈરાને ભારતને ખાતરી આપી છે કે ભારતીય જહાજો આ વ્યૂહાત્મક માર્ગ પરથી સુરક્ષિત રીતે પસાર થઈ શકશે, જેનાથી ભારતની તેલ સપ્લાય પરનું સંકટ ટળ્યું છે. નોંધનીય છે કે ભારત તેના કુલ કાચા તેલની જરૂરિયાતનું લગભગ 40% તેલ આ જ રસ્તેથી મેળવે છે. બીજી તરફ, ઈરાને પાકિસ્તાનના બે વ્યાપારી જહાજો - 'શાલીમાર' અને 'ખેરપુર'ને પણ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરવાની મંજૂરી આપી દીધી છે. અગાઉ રવિવારે ઈરાની સત્તાવાળાઓએ આ જહાજોને અટકાવી પરત જવા કહ્યું હતું, પરંતુ ટૂંક સમયમાં જ તેમને કુવૈત અને સંયુક્ત આરબ અમીરાત તરફ જવાની પરવાનગી મળી ગઈ હતી.

# ઈરાનની ટ્રમ્પને ગાણિતિક ચેતવણી


'O-BSOH > 0 f(f(O)) > f(O)' ફોર્મ્યુલા શેર કરી વૈશ્વિક આર્થિક સંકટની આપી ધમકી

નવી દિલ્હી, તા. 13: સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર વધી રહેલા તણાવ વચ્ચે ઈરાનના સંસદ સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપવા માટે ગણિતના સમીકરણનો અનોખો સહારો લીધો છે. ટ્રમ્પે રવિવારે જાહેરાત કરી હતી કે અમેરિકા ઈરાન સાથે સંકળાયેલા દરિયાઈ ટ્રાફિક પર કડક નૌકાબંધી (નવેલ બ્લોકેડ) લાદશે, જેનો અમલ આજે ભારતીય સમય મુજબ રાત્રે 7.30 વાગ્યાથી શરૂ થવાની શક્યતા છે.

ગાલિબાફે સોશિયલ મીડિયા પર 'O-BSOH > 0 f(f(O)) > f(O)' ફોર્મ્યુલા શેર કરી છે. નિષ્ણાતોના મતે, આ એન્જિનિયરિંગ શૈલીના સમીકરણનો અર્થ એ છે કે તેલના પુરવઠામાં નાનો અવરોધ પણ અર્થતંત્ર પર અપ્રમાણસર અને ખૂબ મોટી અસર કરી શકે છે. અહીં 'BSOH' હોર્મુઝની નૌકાબંધી સૂચવે છે. આ ગણિત પાછળનો તર્ક એ છે કે તેલના પુરવઠામાં પ્રારંભિક ઘટાડાથી માત્ર કિંમતો જ નથી વધતી, પરંતુ તે બજારમાં ગભરાટ અને સટ્ટાખોરી જેવા સેકન્ડરી ફેક્ટર્સને સક્રિય કરે છે, જે કિંમતોને અનેકગણી વધારી દે છે.

આ ગાણિતિક ચેતવણી સાથે ગાલિબાફે વ્હાઈટ હાઉસ પાસેના પેટ્રોલના ભાવનો ઉલ્લેખ કરીને અમેરિકાની મજાક ઉડાવી હતી. તેમણે કહ્યું કે હાલમાં જે ભાવ પ્રતિ ગેલન 4થી 5 ડોલર છે, તે કદાચ ટૂંક સમયમાં અમેરિકા માટે ભૂતકાળની યાદ બની જશે. જો તણાવ વધશે, તો અમેરિકનોએ વર્તમાન સસ્તા ભાવ માટે 'નોસ્ટાલ્જિક' થવું પડશે, કારણ કે ઈંધણના ભાવમાં તોતિંગ વધારો તોળાઈ રહ્યો છે.

# ટ્રમ્પે પોતાને ઇસુ જેવા દર્શાવતી તસવીર મૂકી!



**સોશ્યલ** મીડિયા પર મૂકેલી આ તસવીરમાં લાંબો ઝભ્ભો પહેરેલા દૈવી પ્રકાશ સાથેના ટ્રમ્પ એક બિમાર વ્યક્તિને માથે હાથ મૂકતા દેખાય છે

વૉશિંગ્ટન, તા. ૧૩: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે રાત્રે પોપ લિયો-XIV સાથેના જાહેર વિવાદ બાદ, પોન્ટિફના નેતૃત્વ અને રાજકીય સમજ પર આકરા પ્રહારો કરતા સોશિયલ મીડિયા પર પોતાની જાતને ઈસુ ખ્રિસ્ત જેવા સ્વરૂપમાં દર્શાવતી એક તસવીર શેર કરી છે. આ તસવીરમાં ટ્રમ્પ ઝભ્ભો પહેરેલા, દૈવી પ્રકાશથી ઘેરાયેલા અને એક બિમાર વ્યક્તિને સાજો કરતા દેખાય છે, જ્યારે તેમની આસપાસ દેવદૂતો અથવા સૈનિકો જેવી આકૃતિઓ જોવા મળે છે. એક નર્સ પ્રાર્થના કરતી દેખાય છે અને એક વ્યક્તિ અહોભાવથી ટ્રમ્પને જોઈ રહે છે. ટ્રમ્પની પોપ લિયો XIV વિરુદ્ધની આકરી ટિપ્પણીઓ બાદ આ પોસ્ટ સામે આવી છે. શનિવારની વેટિકનની પ્રાર્થનામાં પોપના નિવેદન પછી વિવાદ સર્જાયો છે.

### ભારે આક્રોશને પગલે ટ્રમ્પે એ તસવીર ડીલીટ કરી નાખી

વોશિંગ્ટન, તા.૧૩: ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની સરખામણી ઈસુ ખ્રિસ્ત સાથે કરતી એક પોસ્ટ ડિલીટ કરી દીધી છે, કારણ કે રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓએ તેમના પર ઈશનિંદાના આરોપો લગાવ્યા હતા. આ તસવીર રવિવારે સાંજે પોસ્ટ કરવામાં આવી હતી અને સોમવાર સવાર સુધીમાં તો ટ્રમ્પના પોતાના જ સમર્થકોમાં પણ ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. ભૂતપૂર્વ ટ્રમ્પ સાથી અને રિપબ્લિકન કોંગ્રેસ વુમન માર્જોરી ટેલર ગ્રીને કહ્યું કે આ છબી 'માત્ર ઈશનિંદાથી પણ વધુ' છે અને આ એક 'ખ્રિસ્ત વિરોધી માનસિકતા' છે. રૂઢિચુસ્ત વિવેચક માઈકલ નોલ્સે લખ્યું, હું માનું છું કે કોઈએ તેમને કહી દીધું હશે, પરંતુ રાષ્ટ્રપતિ માટે આધ્યાત્મિક અને રાજકીય બંને રીતે એ હિતાવહ છે કે તેઓ આ તસવીર ડિલીટ કરી દે, ભલે તેમનો ઈરાદો ગમે તે હોય. જમણેરી પ્રભાવક રાઈલી ગેઇન્સે કહ્યું, શા માટે? ગંભીરતાપૂર્વક, મને સમજાતું નથી કે તેમણે આ કેમ પોસ્ટ કર્યું. શું તેઓ કોઈ પ્રતિસાદ મેળવવા માંગે છે? શું તેઓ ખરેખર આવું વિચારે છે? ગમે તે હોય, બે વાતો સત્ય છે: ૧) થોડી નમ્રતા તેમને મદદરૂપ થશે ૨) ઈશ્વરની મજાક ઉડાવી શકાય નહીં.

# સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને પૂછ્યું, 'જો જીતનું અંતર ૨% હોય અને ૧૫% નામ ગાયબ હોય તો શું?'

સુપ્રીમ કોર્ટ તે અરજદારોની અરજી પર સુનાવણી કરી રહી હતી જેમણે જણાવ્યું હતું કે મતદાર યાદીમાંથી તેમના નામ બાકાત રાખવા સામેની તેમની અપીલ એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ પેન્ડિંગ છે. મતદાનના અધિકારને "લોકશાહી સરકારમાં રાષ્ટ્રીયતા અને દેશભક્તિની સૌથી મોટી અભિવ્યક્તિ" ગણાવતા, સુપ્રીમ કોર્ટે સોમવારે પશ્ચિમ બંગાળમાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) હેઠળ મતદારોને બાકાત રાખવા અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને જીતના માર્જિનના સંદર્ભમાં નામ રદ કરવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. રાજ્યમાં મતદાર યાદીના SIR માં નામ બાકાત રાખવા સામેની અપીલના નિર્ણય અંગેની અરજી પર સુનાવણી કરતી વખતે, કોર્ટે સંકેત આપ્યો કે તે વધારાની પૂરક યાદી (supplementary list) મંજૂરી આપવા અંગે વિચારી શકે છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બે-ન્યાયાધીશોની બેન્ચના ભાગ રહેલા ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીએ કહ્યું, "...ધારો કે જીતનું અંતર ૨% હોય અને ૧૫% મતદારો મતદાન ન કરી શકે, તો કદાચ અમે કોઈ અભિપ્રાય વ્યક્ત નથી કરી રહ્યા, પરંતુ અમે ચોક્કસપણે આ બાબતે વિચારવું પડશે."

# બંગાળમાં નામ કમી થયેલા લાખો મતદારોને સુપ્રીમ તરફથી વચગાળાની રાહત નહીં

**જે લોકોની** અપીલનો નિકાલ થઇ ગયો છે અને નામ સામેલ કરવાના આદેશ અપાયા છે, તેઓ મતદાન કરી શકશે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા. 13: સુપ્રીમ કોર્ટે સોમવારે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાંથી જેમના નામ કમી કરવામાં આવ્યા છે તેવા લાખો મતદારોને વચગાળાની રાહત આપવાનો ઈનકાર કર્યો છે. રાજ્યમાં 23 અને 29 એપ્રિલના રોજ બે તબક્કામાં મતદાન થવાનું છે. ખાસ રિવિઝન દરમિયાન અંદાજે 90.66 લાખ મતદારોના નામ યાદીમાંથી હટાવવામાં આવ્યા છે, જેની સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે જણાવ્યું હતું કે, મતદાનના આખરી સમયે એપેલેટ ટ્રિબ્યુનલના જજ પર વધારાનું ભારણ ન લાદી શકાય. કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે 11 એપ્રિલ સુધીમાં નામ કમી કરવા સામે 34,35,174 અપીલો દાખલ કરવામાં આવી છે. વરિષ્ઠ વકીલ કલ્યાણ બેનર્જીએ દલીલ કરી હતી કે આમાંથી ઘણા સાચા મતદારો છે અને તેમને મતાધિકારથી વંચિત ન રાખવા જોઈએ. તેમણે એક પૂરક મતદાર યાદી બહાર પાડવાની પણ દરખાસ્ત મૂકી હતી. જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે જે લોકોની અપીલનો નિકાલ થઈ ગયો છે અને જેમના નામ સામેલ કરવાના આદેશ અપાયા છે, તેઓ ચોક્કસપણે મતદાન કરી શકશે.


## જાહેર નિવિદા – બીજો પ્રયાસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, નીચે જણાવેલ પરિશિષ્ટવાળી જગ્યા ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી, અંબાજી, રોડ, સુરતની માલિકી અને કબજા ભોગવટાવાળી મિલકત ટેન્ડર પદ્ધતિથી વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તો રસ ધરાવનાર વ્યક્તિ કે અન્ય કોઈ પણ રૂ. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરાની ડિપોઝીટ ભરી સંસ્થામાં બપોરે ૧૨ થી ૪ સુધી સંસ્થાના કામકાજના સમય દરમ્યાન તા. ૧૪.૦૪.૨૦૨૬ થી તા. ૧૮-૦૪-૨૦૨૬ દરમિયાન ટેન્ડર લઈ જમા કરાવવાનું રહેશે. ટેન્ડર ખોલવાની કાર્યવાહી તા.૨૪.૦૪.૨૦૨૬ના બપોરે ૧.૦૦ કલાકે કરવામાં આવશે. ડિપોઝીટની રકમ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૩ દિવસ બાદ પરત આપવામાં આવશે તે જાણશોજી. જગ્યાની અર્નેસ્ટ કિંમત રૂ.૬૧,૦૦૦ પ્રતિ ચોરસ મીટર રાખવામાં આવેલ છે. કોઈ પણ ટેન્ડર સ્વીકાર કે અસ્વીકાર કરવાનો તમામ અબાધિત અધિકાર સંસ્થાના વહીવટકર્તાઓનો રહેશે.

**પરિશિષ્ટ**

સુરત જિલ્લાના હાલ શહેર સુરત મોજે ગામ ડુંભાલ બ્લોક નં. ૮૩+૮૪+૮૫ ટી.પી. સ્કીમ ૩૩ (ડુંભાલ) ઓ.પી. ૪૦ ફાઈનલ પ્લોટ નં. ૭૪ ગાયત્રી નગર સોસાયટીની સામે પરવટ-ડુંભાલ રોડ, ડુંભાલ પર આવેલ આશરે ૧૫,૨૩૦ સમ ચોરસ મીટર એન.એ. થયેલ જમીન યથાસ્થિતિમાં.

**પ્રમુખશ્રી** **જનરલ મેનેજરશ્રી**

**ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી લિ. અંબાજી રોડ, સુરત**

**તા. ૧૪.૦૪.૨૦૨૬**



**ફોર્મ નંબર INC-26**

**[કંપનીઝ (ઇનકોર્પોરેશન) નિયમો, 2014 ના નિયમ 30 મુજબ]**

**ગુજરાત રાજ્યમાંથી તમિલનાડુ રાજ્યમાં કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ બદલવા બાબતે**

**કેન્દ્રીય સરકાર / પ્રાદેશિક નિયામક સમક્ષ**
**ઉત્તર પશ્ચિમ પ્રાદેશિક નિયામકની કચેરી, અમદાવાદ, ગુજરાત**

**કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 13 ની પેટા-કલમ (4) અને કંપનીઝ (ઇનકોર્પોરેશન) નિયમો, 2014 ના નિયમ 30 ના પેટા-નિયમ (5) ના ખંડ (a) બાબતે**
**અને**
**ન્યુબર્ગ આભા લેબોરેટરી પ્રાઇવેટ લિમિટેડ બાબતે,**
**જેની રજિસ્ટર્ડ ઓફિસ સરનામું છે: રાજરત્ન ચેમ્બર્સ,**
**બીજો માળ, ડબગરવાડ, ભાગળ પાસે, સુરત, ગુજરાત, ભારત, 395003**
**CIN: U74999GJ2020PTC113628**

**...અરજદાર**

આથી સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે ન્યુબર્ગ આભા લેબોરેટરી પ્રાઇવેટ લિમિટેડ ("કંપની"), કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 13 હેઠળ કેન્દ્રીય સરકાર (પ્રાદેશિક નિયામક) ને કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં ફેરફારની પુષ્ટિ મેળવવા માટે અરજી કરવાનું પ્રસ્તાવિત કરે છે. આ ફેરફાર બુધવાર, 01 એપ્રિલ, 2026 ના રોજ યોજાયેલી કંપનીના સભ્યોની એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગમાં પસાર કરવામાં આવેલા ખાસ ઠરાવ મુજબ છે, જેથી કંપની તેની રજિસ્ટર્ડ ઓફિસ ગુજરાત રાજ્યમાંથી (જે કંપની રજિસ્ટ્રાર, અમદાવાદ, ગુજરાતના અધિકારક્ષેત્ર હેઠળ છે) તમિલનાડુ રાજ્યમાં (જે કંપની રજિસ્ટ્રાર, ચેન્નાઈ, તમિલનાડુના અધિકારક્ષેત્ર હેઠળ છે) બદલી શકે.

કોઈપણ વ્યક્તિ કે જેમના હિત કંપનીની રજિસ્ટર્ડ ઓફિસના પ્રસ્તાવિત ફેરફારથી પ્રભાવિત થવાની શક્યતા હોય, તેઓ કાં તો MCA-21 પોર્ટલ (www.mca.gov.in) પર ઇન્વેસ્ટર કમ્પ્લેઇન્ટ ફોર્મ ભરીને અથવા પ્રાદેશિક નિયામક, ઉત્તર પશ્ચિમ પ્રાદેશિક નિયામકની કચેરી, અમદાવાદને તેમના વાંધાઓ સોગંદનામા સાથે, જેમાં તેમના હિતનું સ્વરૂપ અને વિરોધના કારણો દર્શાવેલ હોય, આ નોટિસના પ્રકાશનની તારીખથી 14 (ચૌદ) દિવસની અંદર "આર.ઓ.સી. ભવન, રૂપલ પાર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ-380013, ગુજરાત" સરનામે રૂબરૂ અથવા રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલી શકે છે, જેની એક નકલ અરજદાર કંપનીને તેની નીચે દર્શાવેલ રજિસ્ટર્ડ ઓફિસના સરનામે મોકલવાની રહેશે:

**રાજરત્ન ચેમ્બર્સ, બીજો માળ, ડબગરવાડ, ભાગળ પાસે, સુરત, ગુજરાત, ભારત, 395003**

**વતી અને તેના વતી તરફથી**
**ન્યુબર્ગ આભા લેબોરેટરી પ્રાઇવેટ લિમિટેડ**
**સહી/-**
**આત્મનાથન ગણેશન**
**નિયામક (ડાયરેક્ટર)**
**DIN: 02122660**

તારીખ: 14.04.2026
સ્થળ: સુરત